# ઉંમરપાડામાં ૧૧ ઈંચથી વધારે વરસાદ

## મોટાભાગના કોઝ વે પાણીમાં ગરકાવ : ઓલપાડ-કિમ હાઈવેને બંધ કરવાની ફરજ પડી : કપરાડામાં પણ ૧૦ ઇંચ વરસાદ

અમદાવાદ, તા.૪

સુરત સહિત દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આજે અતિભારે વરસાદ થયો હતો. સુરત જિલ્લાના ઉમરપાડામાં ૧૧ ઈંચથી પણ વધુ વરસાદ ખાબકી ગયો હતો. બીજી બાજુ કપરાડામાં પણ વધુ વરસાદ થયો હતો. દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં અતિભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું રહ્યું હતું. નિચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ રહી હતી. મોટાભાગના કોઝવે પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઓલપાલ-કિમ હાઈવેને બંધ કરવાની તંત્રને ફરજ પડી છે. માંગરોળ, ઉંમરપાડા અને ઓલપાડની તમામ સ્કુલોમાં ભારે વરસાદના કારણે રજા જાહેર કરી દેવામાં આવી છે. સુરત-ભરુચ વચ્ચેનો રેલવે વ્યવહાર પણ ખોરવાઈ ગયો છે. સુરત જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકોનું સ્થળાંતર પણ કરવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાતની મોટાભાગની નદીઓમાં પુર જેવી સ્થિતિ જોવા મળી રહી છે. મેઘ કહેર વચ્ચે દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં હાલત કફોડી બનેલી છે. આજે જે વિસ્તારમાં વધારે વરસોદ થયો હતો તેમાં કપરાડામાં ૧૦ ઈંચથી વધુ, ક્વાંટમાં સાત ઈંચથી વધુ, ઉછ્છલમાં પાંચથી વધુ, વાપીમાં પાંચ ઈંચથી વધુ, નાંદોદમાં પાંચ ઈંચથી વધુ વરસાદ થયો હતો. દક્ષિણ ગુજરાતમાં આજે મેઘરાજાએ જોરદાર વરસાદી કહેર વચ્ચે નવસારી, ગણદેવી, કપરાડા, વલસાડ, વાપી, ભરૂચ સહિતના પંથકોને ઘમરોળી નાંખ્યા હતા. દક્ષિણ ગુજરાતના મોટાભાગના પંથકોમાં ધોધમાર વરસાદના પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જ્યારે ઉપરવાસમાં ભારે વરસાદના પગલે વલસાડ જિલ્લાની ઔરંગા નદી અને નવસારી જિલ્લાની અંબિકા નદીમાં પૂરની સ્થિતના કારણે કાંઠા વિસ્તારના અનેક વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે. વલસાડના



હનુમાન ભાગડા વિસ્તારમાં લોકોના ઘરમાં ઘૂંટણ સમા પાણી ભરાઈ ગયા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં એનડીઆરએફની ટીમ દ્વારા રાહત અને બચાવની કામગીરી હાથ ધરાઈ રહી છે. દરમ્યાન આજે ગણદેવીના ભાટ ગામમાં પૂરના પાણીમાં ૫૦થી વધુ લોકો લોકો ફસાઈ જતા એરફોર્સની મદદથી એરલિફ્ટ કરી સુરત એરપોર્ટ ખાતે લવાયા હતા. અતિ ભારે વરસાદના કારણે વલસાડ જિલ્લાના મધુબન ડેમની સપાટીમાં બહુ નોંધપાત્ર વધારો થતા ૧૦ દરવાજા ખોલી દમણગંગા નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. આજે વહેલી સવારથી વલસાડ જિલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેમાં કપરાડામાં છેલ્લા ૪ કલાકમાં ૮ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. જેને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જ્યારે ઔરંગા નદીમાં પણ પૂરની સ્થિતની પગલે લોકોની હાલત કફોડી થઈ ગઈ હતી. વાપી-સેલવાસ રોડ ચંદ્રલોકની સામે, હાઈવે જલારામ મંદિર પાસે, ચણોદ કોલોની, સુર્યા કો-હાઉસીંગ સોસાયટી આગળ વરસાદી પાણી ભરાતા દોડધામ મચી હતી. વાપી તથા આજુબાજુના વિસ્તારમાં વરસાદ ચાલુ રહેતાં નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાયા હતાં. ગટરોની સફાઈનો અભાવ તથા કુદરતી વહેણ પસાર થાય તે મુજબ કામગીરી તંત્રએ ન કરતાં આ ફરી વાપીના નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાયા હતા. સૌથી વધારે અસર વાપી-સેલવાસ રોડ સ્થિત ચંદ્રલોક બિલ્ડીંગની સામે થઈ હતી. ઘૂંટણસમા પાણી ભરાતાં વાહન ચાલકો પણ અહીથી પસાર થઈ શકયા ન હતાં. હાઈવે જલારામ મંદિર પાસે, ચણોદ કોલોની, સુર્યા કો-હાઉસીંગ સોસાયટી, છરવાડા રમઝાન વાડી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદી પાણી ભરાયા હતાં. જેના કારણે લોકોએ હાલાકી ભોગવાનો વારો આવ્યો હતો. વલસાડમાં ઔરંગામાં પૂરની પરિસ્થિતિ સર્જાતા કલેકટર સી. આર. ખરસાણે તાત્કાલિક એનડીઆરએફ ટીમને બોટ સાથે રવાના કરતા રેસ્ક્યુ કામગીરી હાથ ધરાઈ હતી. કાશ્મીરનગરમાં જ લગભગ ૧૦૦ પરિવારના મહિલા સહિતના સભ્યોને સ્થળાંતર માટે બહાર ફાયર વિભાગે બહાર કાઢી વલસાડ પારડીની પ્રાથમિક શાળામાં સુરક્ષિત સ્થળે લઈ જવાયા હતા.

## અરવલ્લીના બાબુભાઈ પણુચાની ટીમને સાત વર્ષ પહેલાની "વર્લ્ડ વોકિંગ રેસ"માં બ્રોન્ઝ મેડલ

મોડાસા, તા. ૪

૭ વર્ષ અગાઉ રશિયાના સારાન્સ્ક ખાતે યોજાયેલ "વર્લ્ડ રેસ વોકિંગ" સ્પર્ધામાં અરવલ્લી જીલ્લાના બાબુભાઈ પણુચા સહીત ત્રણ ખેલાડીઓએ ભાગ લીધો હતો અને ચતુર્થ ક્રમાંક



મેળવ્યો હતો પરંતુ સિલ્વર મેડલ મેળવનાર યુક્રેનની ટીમના રેસરનો ડોપિંગ ટેસ્ટ પોઝેટીવ આવતા જેનો ફાયદો ભારતની ટીમને થયો છે અને ભારતીય ટીમને વર્લ્ડ રેસ વોકિંગમાં સાત વર્ષ પછી ભારતને બ્રોન્જ મેડલ મળતા અરવલ્લી જીલ્લાના રમતવીરો અને રમત પ્રેમીઓમાં આનંદ છવાયો હતો.

વર્લ્ડ રેસ વોકિંગમાં આખરે સાત વર્ષ પછી ભારતને બ્રોન્જ મેડલ મળ્યો છે. જેમાં અરવલ્લી જિલ્લાના આંબાવાવના વતની એવા બાબુભાઈ પણુચા પણ છે. ભારતીય ટીમનું નેતૃત્વ કરનાર ભારતીય ટીમના ત્રણ ખિલાડીઓ પૈકી એક ગુજરાતના અને તેમાંય અરવલ્લી જિલ્લાના છે, જેથી જિલ્લાની જનતામાં ખુશી પ્રસરી છે. વર્ષ ૨૦૧૨માં રશિયાના સારાન્સ્ક ખાતે આયોજિત આઈ.એ.એફ. વર્લ્ડ રેસ વોકિંગની વીસ કિલો મિટરની પુરૂષ પ્રતિયોગીતામાં ગુજરાતના બાબુભાઈ સહિત અન્ય બે ખેલાડીઓએ કે.ટી. ઈરફાન અને સુરિન્દ્રસિંઘની ટીમ મેડલથી એક ડગલુ દૂર હતી. પણ બીજા ક્રમાંકે આવનાર અને સિલ્વર મેડલ જીતનાર યુક્રેનની ટીમના એક ખેલાડી ડોપિંગ ટેસ્ટમાં પોઝિટિવ આવતા મેડલ પરત ખેંચી લેવાયો છે અને ચોથા ક્રમાંકે આવનાર ભારતીય ટીમને હવે બ્રોન્જ મેડલ આપવામાં આવશે. વર્ષ ૨૦૧૨માં આયોજિત વર્લ્ડ રેસ વોકિંગમાં ચીનએ ગોલ્ડ, યુક્રેનએ સિલ્વર તેમજ ઓસ્ટ્રેલિયાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો, ત્યારે ભારતીય ટીમ ચોથા નંબરે રહી હતી, પણ યુક્રેનની ટીમ ડોપિંગ ટેસ્ટમાં પોઝિટિવ આવતા સાત વર્ષ પછી ભારતની વર્લ્ડ વોક રેસિંગમાં બ્રોન્ઝ મેડલ મળ્યો છે. આ અંગે એથ્લેટિક ફેડરેશન ઓફ ઈન્ડિયાએ ટ્વીટ કરીને જાણકારી શેર કરી છે. તો અરવલ્લીના વોક રેસિંગના ખેલાડી બાબુભાઈ પણુચાએ પણ ખુશી વ્યક્ત કરી છે.






## ગાંધીનગરમાં જે.કે.સુપર સિમેન્ટ દ્વારા એન્જિનિયરોની બેઠક યોજાઈ

જે.કે. સુપર સિમેન્ટ દ્વારા ગાંધીનગર એન્જિનિયરોની બેઠકનું આયોજન ફોર્ચ્યુન હવેલી હોટલ ખાતે કરવામાં આવ્યું હતું. આ બેઠકનું આયોજન જે.કે.સુપર સિમેન્ટ અને શહેરની જાણીતી પંકજ વિજય કંપની દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેમીનારમાં આઈઆઈટીના ડો. પ્રણબ મોહપાત્રાએ ઉપસ્થિત રહીને જરુરી માર્ગદર્શન આપ્યું હતું. જે.કે.સુપર સિમેન્ટ છેલ્લા ૪૫ વર્ષ જુની અને જાણીતી કંપની છે. હાલમાં રાજસ્થાનમાં ૩ પ્લાન્ટમાંથી ગુજરાતમાં સિમેન્ટ આપી રહી છે. ત્યારે ગુજરાતના બાલાસિનોર ખાતે ટુંક સમયમાં જે.કે.સુપર સિમેન્ટના પ્લાન્ટનો શુભારંભ થશે. આબેઠકમાં એન્જિનિયર્સ દ્વારા અભુતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો.

## રાંધેજામાં તમે દુકાન ખોલશો નહીં કહીને યુવાને મારામારી કરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામમાં છીપા ચકલા ખાતે આવેલ પાન મસાલાની દુકાન ખોલશો નહીં તેમ કહી યુવાને ગાળાગાળી કરી હતી. ત્યારબાદ વેપારીએ દુકાન ખોલતા યુવાને ઉશ્કેરાઈને જઈને હોકી મારી હતી. જેને પગલે ઈજાગ્રસ્તને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયાં દુકાનદારને ડાબા હાથના કાંડા પર તેમજ કોણી પર ફ્રેકચર થયું છે. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામ છીપા ચકલા સરવીવાસ ખાતે રહેતા ગોવિંદભાઈ જીવતરામ પટેલ ઉં.વ.૫૮ જાનીવાસની સામે એકાદ માસથી પાન મસાલાની દુકાન કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગતરોજ બપોરના સુમારે ગોંવિદભાઈ દુકાન ખોલતા હતા તે સમયે ગામનો યુવાન હિતેશ ઉર્ફે મુનીમ સાંકળચંદ પટેલ કહેવા લાગ્યો હતો કે દુકાન ખોલશો નહી જેથી ફરિયાદીકે કહ્યું હતું કે અમો દુકાન ખોલવાના જેથી મુનીમ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ઘરેથી લાકડાની હોકી લઈ આવ્યો હતો અને મારવા માટે આવ્યો હતો. તે સમયે ડાબો હાથ આડો કરતા હાથ પર હોકી વાગી હતી તે ઉપરાંત ડાબા પગની સાંથળ પર બે ઘા માર્યા હતા. તે સમયે ફરીયાદીનો દિકરો ઉમંગ તેમજ આસપાસના નાગરીકો એકઠા થઈ જતા છોડાવ્યો હતો. તે સમયે પણ હિતેશ કહેવા લાગ્યો હતો કે દુકાન ખોલશો તો જાનથી મારી નાંખીશ.

ત્યારબાદ ઈજાને પગલે ૧૦૮ ને કોલ કરતા તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયાં ડાબા હાથની કોણી તેમજ કાંડા પર ફ્રેકચર હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## શહેરના ઘ માર્ગ પરથી મૃત ભ્રુણ મળી આવ્યું

ગાંધીનગર,તા.૪

એક તરફ જ્યાં પાટનગર ગાંધીનગર હવે શિક્ષણનગરી તેમજ સાંસ્કૃતિક નગરની ઓળક કેળવી રહ્યું છે ત્યારે બીજીતરફ શહેરમાં ક્રાઈમરેટમાં પણ સતત વધારો થતો જોવા મળી રહ્યો છે. શહેરમાં દરરોજ લાખો યુવાનો પોતાનું ભવિષ્ય ઘડવા મથામણ કરી રહ્યા છે ત્યારે શહેરમાં કુમળા જીવને શ્વાસ પ્રાપ્ત તે પહેલા તેનો "નિકાલ"કરી દેવાની ઘટના સર્જાતી હોય તે પ્રત્યેક પાટનગરવાસી માટે નીચાજોણું બની રહે તેવી છે. શહેરના મહાનગર પાલિકા સામેથી ભ્રુણ મળી આવતા પ્રબુધ્ધ નાગરીકોમાં અરેરાટી વ્યાપી જવા પામી છે.

## યુવાન સેલ્ફી લેવા જતા નર્મદા કેનાલમાં ડુંબ્યો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર પાસેથી પસાર થતી નર્મદા કેનાલ પાસે વરસાદી સિઝનમાં સેલ્ફી લેતા એક યુવાનને જીવ ખોવાનો વારો આવ્યો છે. સેલ્ફી લેવા જતા કેનાલમાં પડેલો યુવાન ડુંબી જતા તેનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલી નર્મદા કેનાલ ખાતે ગઈ કાલે સાંજના સુમારે એક યુવાન ડુબી જતા તેનું મૃત્યું નિપજયુ હતું. યુવાન અમદાવાદના ચાંદખેડાના જનતા નગરનો ૧૭ વર્ષિય અભિનવ પાંડે હોવાનું ધ્યાને આવ્યું છે. અભિનવ ઘરેથી વરસાદી વાતાવરણમાં નીકળતા ગતરોજ સાંજના સુમારે નર્મદા કેનાલ પાસે આવી પહોંચ્યો હતા. કેનાલ પાસે સેલ્ફી લેવા જતા અંદર કેનાલમાં પાણીમાં ગરકાવ થઈ જતા યુવાન મૃત્યું પામ્યો હતો. બનાવ અંગે અડાલજ પોલીસેને જાણ કરતા તાત્કાલીક પોલીસ કર્મચારી આવી ગયા હતા અને તપાસ શરુ કરી હતી.

## મોડાસામાં નિસાર અહેમદ પીર સાહેબનું નિધન

હાજી પીર સાહેબ નિસાર અહેમદ પાટણવાળાનું જૈફવયે ટૂંકી માંદગી બાદ નિધન થતા મોડાસા સહીત ગુજરાત અને રાજસ્થાનના



મુસ્લિમ સમાજમાં દુઃખની લાગણી છવાઈ હતી. મોટી સંખ્યામાં ધર્મ ગુરુના અવસાનના પગલે અંતિમ દર્શન કરવા મોડાસામાં ઉમટ્યા હતા. શુક્રવારે કસ્બા બાલાપીર દરગાહ પાસેથી ઈશાની નમાજ પછી જનાજો નીકળ્યો હતો જેમાં માનવ મહેરામણ ઉમટ્યુંહતું. કસ્બા બજાર રાત્રીના સુમારે બે કલાક બંધ રાખી શ્રદ્ધાંજલિ અર્પી હતી.



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના જન્મ દિવસ નિમિત્તે ગુજરાત રાજ્ય યુવક બોર્ડના તાલુકા સંયોજકો નિતેશસિંહ રાઠોડ અને વિશાલ રામાનુજ દ્વારા રૂપાલ ગામ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં હતો. જેમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર તેમજ ગાંધીનગરના પ્રાંત અધિકારી અને હિતેન્દ્રભાઈ પટેલ તેમજ વરદાયિની હાઈસ્કૂલના શિક્ષકો હાજર રહ્યા.

### અણસાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્ર સરકારે તમામ એજન્સીઓને ટોપ એલર્ટ ઉપર મુકી દીધી છે. જમ્મુ કાશ્મીરમાં તૈનાત સશસ્ત્ર દળોની નવી રજાઓ પણ રદ કરી દીધી છે. જે લોકોને રજા આપવામાં આવી હતી તેમને પણ સ્ટેન્ડ બાય મોડ ઉપર મુકી દેવામાં આવ્યા છે. આવતીકાલે સંસદમાં પણ આ મુદ્દે ભારે હોબાળો રહી શકે છે. મિડિયા રિપોર્ટ મુજબ અમિત શાહ કાશ્મીરના પ્રવાસ ઉપર જવાની પણ યોજના બનાવી રહ્યા છે. સંસદ સત્ર પૂર્ણ થયા બાદ અમિત શાહ ત્રણ દિવસ માટે કાશ્મીરના પ્રવાસ ઉપર જશે.

### ફંગોળી નાખી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે આ સમસ્યા પાછળ સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામના અંતે યોગ્ય માટી પુરાણ ન થયુ હોવાનુ જવાબદાર હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. સે-૨૬ કિસાનનગરમાં નવરાત્રિ ચોક પાસેના રીંગરોડ આસપાસ પાટનગર યોજના ભવન દ્વારા ફુટપાથનુ કામ હાથ ધરાયુ છે. જયારે હજુ વોક વે ની કામગીરી પુર્ણ થવાની બાકી છે ત્યાં ગઈકાલે ભારે વરસાદ દરમિયાન આખી ફુટપાથ બેસી જતા નવી સમસ્યા ઉદભવી છે. સેકટરમાં છેલ્લા કેટલાક સમયથી ફુટપાથ નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે આ પૈકી હજુ ૨૦ ટકા જેટલુ કામ બાકી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ દરમિયાન ગઈકાલે રાત્રિ દરમિયાન વરસાદ આવતા આ નવી ફુટપાથ જ આખે આખી માટીમાં બેસી ગઈ છે. જેના લીધે સ્થળ પર ભયજનક દ્રશ્યો સર્જાયા છે. કોર્પોરેશન દ્વારા આ ઠેકાણે સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીને અનુલક્ષી ખોદકામ કરવામાં આવ્યુ હતુ. જયારે આ કામગીરીના અંતે યોગ્ય માટીપુરાણ કરવામાં આવ્યુ ન હતુ. જયારે આ સ્થળે પાટનગર યોજના વિભાગ દ્વારા ફુટપાથનુ કામ હાથ ધરાયુ હતુ. જો કે કામગીરી હાથ ધરતા પુર્વે સ્થળ સ્થિતિનો યોગ્ય અભ્યાસ પણ હાથ ધરાયો ન હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. ફુટપાથ નિર્માણની કામગીરી પુર્વે માર્ગ મકાન વિભાગના અધિકારીઓ દ્વારા સ્થળનો અભ્યાસ કર્યા સિવાય જ કામ શરૂ કરી દેવાયુ જેના લીધે આ ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે. આ ઉપરાંત કોર્પોરેશન કક્ષાએથી પણ સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા સેકટરોમાં ઠેર ઠેર ભયજનક સ્થિતિ સર્જાઈ છે. આવા સંજોગોમાં સેકટરવાસીઓ માટે જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ છે.

### ત્રણ ઈંચ વરસાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોલાણ થવાના લીધે ભારે વાહનો ફસડાયા હતા. મેઘરાજાના આગમનથી વાવણી બાદ વરસાદની વાટે રહેલા ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી હતી. રાત્રિના ૧૦ વાગ્યા સુધી વરસાદ વરસતા સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડયુ હતુ. જયારે આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં આજે વરસાદી સમસ્યાઓના ઢગ ખડકાયા હતા. આજે પણ સવારથી વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહ્યુ હતુ. જયારે દિવસ દરમિયાન વરસાદી છાંટણા પડયા હતા. સાંજના સમયે પણ ઝરમર વરસાદ વરસ્યો હતો. ગાંધીનગરમાં લાંબા સમયથી વરસાદની રાહ જોવાતી હતી શનિવારની રાત્રિએ મેઘરાજાએ હેત વરસાવતા શહેરીજનોમાં ખુશીની લાગણી પ્રવર્તી હતી. શહેર ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં પણ મેઘમહેર થતા ખેડુતોએ હાંશકારો અનુભવ્યો હતો.

### મહત્વપૂર્ણ બેઠક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બંધારણની કલમ ૩૭૦ અને કલમ ૩૫-એને લઈને અનેક પ્રકારની અટકળો ચાલી રહી છે. જમ્મુ કાશ્મીર રાજ્યને જમ્મુ, કાશ્મીર અને લડાખ એમ કુલ ત્રણ ભાગમાં અલગ કરી દેવાની અનૌપચારિક ચર્ચા લોકોમાં ચાલી રહી છે. અમિત શાહ પણ જમ્મુ કાશ્મીરની મુલાકાત લેવાની યોજના બનાવી રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં અમિત શાહ વિવિધ પાસા પર ચર્ચા કરનાર છે. અલગ અલગ જિલ્લાઓમાં પાર્ટી કાર્યકરોની સાથે મિટિંગ યોજી શકે છે. મિડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, મોડેથી બે દિવસમાં જમ્મુ કાશ્મીરની યાત્રા પર અમિત શાહ જનાર છે. અમિત શાહ દ્વારા જમ્મુ કાશ્મીરની યાત્રા પહેલા આવતીકાલે કેબિનેટની બેઠક યોજાનાર છે જેમાં તમામ ટોપના નેતાઓ ઉપસ્થિત રહેશે. જમ્મુ કાશ્મીરમાં અમરનાથ યાત્રા પહેલાથી જ ટુંકાવી દેવામાં આવી છે. સાથે સાથે અન્ય યાત્રાઓ પણ રદ કરી દેવામાં આવી છે. મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવી ચુક્યા છે. આ તમામ અટકળો વચ્ચે કેબિનેટ જમ્મુ કાશ્મીર માટે કયા નિર્ણય લેશે તેને લઈને પણ ભારે સસ્પેન્સની સ્થિતિ છે.

### મહોલ યથાવત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યો છે. સાયન અને કુર્લાની વચ્ચે ચાર રેલવે ટ્રેક ઉપર રેલવે સેવા બંધ કરવામાં આવી હતી. કલ્યાણ રેલવે સ્ટેશન ઉપર પણ હાલત કફોડી રહી હતી. અનેક કોલોનીઓમાં પાણી ભરાઈ ગયા હતા. શાંતાક્રૂઝ, પાલઘરમાં પણ લોકોના ઘરમાં પાણી ઘુસી ગયા હતા. જેજે હોસ્પિટલની નજીક તમામ જગ્યાએ પાણી ભરાઈ જતાં જનજીવન ખોરવાઈ ગયું હતું. મુંબઈ ઉપરાંત પશ્ચિમ અને મધ્ય મહારાષ્ટ્રમાં પણ રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. હવામાન વિભાગે અંદાજ મુક્યો છે કે હજુ કેટલાક દિવસ ભારે વરસાદ થનાર છે. પાણી ભરાઈ જવાના કારણે ભારે અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. હવામાન વિભાગના કહેવા મુજબ મુંબઈ અને આસપાસના વિસ્તારો તેમજ મહરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ભારે વરસાદના કારણે લોકલ ટ્રેન સેવા પણ ખોરવાઈ ગઈ છે. વિમાની સેવાને પણ અસર થઈ છે. હવામાન વિભાગે મુંબઈ અને આસપાસના વિસ્તારો માટે ભારે વરસાદને લઈને એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. અંધેરી અને સાયનમાં ભારે વરસાદ થયો છે. આ ઉપરાંત એરપોર્ટ, પવઈ, એસવી રોડ, વીરા દેસાઈ રોગ વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે. જુહુમાં પણ પાણી ભરાઈ ગયા છે. જે વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી તેમાં તમામ ભરચક રહેતા વિસ્તારોનો પણ સમાવેશ થાય છે. હાલમાં મુંબઈમાં ભારે વરસાદના કારણે લોકોની હાલત કફોડી બની હતી. રેલવે ટ્રેક પર પાણી ફરી વળતા ટ્રેન પાણીમાં ફસાઈ ગઈ હતી. જેમાંથી હજારો લોકોને બચાવાયા હતા. દરમિયાન મુંબઈમાં ભારે વરસાદ વચ્ચે જુદા જુદા બનાવોમાં બેના મોત થયા છે.

